# ગુજરાત પોલીસ દ્વારા આઈનબોલ તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન





ગાંધીનગર, તા. ૩૦

વિજયસિંહ વાઘેલા (આઈપીએસ) અને એસપી મંજીતા વણઝારા (આઈપીએસ)ના નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસે ૨૧-૨૩ ઓગષ્ટ દરમિયાન ૩ દિવસીય આઈનબોલ તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. અમદાવાદમાં સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી વિવિધ એકમો (બટાલિયન)નું પ્રતિનિધિત્વ કરતા ૪૦ પ્રશિક્ષકોની તાલીમ જોવા મળી હતી.

આઈનબોલ, એક અનોખી રમત કે જે એક સાથે શારીરિક શક્તિ અને મગજની પેશીઓ બંનેના વિકાસ પર ભાર મૂકે છે, તે આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રસ્થાને હતી. શારીરિક ચપળતા અને માનસિક ઉગ્રતાને સંયોજિત કરવા માટે રમતગમતના નવીન અભિગમે ધ્યાન અને પ્રશંસા મેળવી છે. રમતની રંગીન પ્રકૃતિ, જેમાં લાલ, પીળો, લીલો અને વાદળી બોલ અને ડ્રેસ કોડનો ઉપયોગ સામેલ છે, તેમાં આનંદ અને મનોરંજનનું એક તત્વ ઉમેરાયું છે, જે ઉત્સાહીઓની વધતી જતી સંખ્યાને આકર્ષે છે.

કાર્યક્રમના સહભાગીઓએ સખત તાલીમ લીધી હતી અને પ્રમાણિત ટ્રેનર્સ તરીકે ઉભરી આવ્યા હતા. જેઓ તેમના સંબંધિત એકમોમાં પોલીસ કેડેટ્સને માર્ગદર્શન આપવા માટે સજ્જ હતા. એક આકર્ષક વિકાસમાં, ૨૦ આઈનબોલ ટીમો નજીકના ભવિષ્યમાં પ્રખ્યાત ડીજીપી કપ માટે સ્પર્ધા કરવા માટે તૈયારી કરી રહી છે. ગુજરાત પોલીસે સ્થાપક પ્રમુખ પ્રતાપ સિંઘ અને તેમની ટીમનો આભાર વ્યક્ત કર્યો, આઈનબોલને પ્રોત્સાહિત કરવામાં અને ખેલદિલીની ભાવનાને પ્રોત્સાહન આપવામાં તેમની મહત્વની ભૂમિકાને સ્વીકારી છે.

આઈનબોલના ગુણો તેના શારીરિક અને માનસિક લાભોથી પણ આગળ વધે છે. માત્ર ૧૫ થી ૨૦ મિનિટમાં, આ સંપર્ક વિનાની રમત શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારીમાં વધારો કરી શકે છે. ન્યૂનતમ સંસાધનોનો ઉપયોગ કરીને નાના ક્ષેત્ર પર મહત્તમ સંખ્યામાં સહભાગીઓને જોડવાની તેની ક્ષમતા સાથે આઈનબોલ વ્યાપક લાભો રજૂ કરે છે.

એબીએફઆઈના અધ્યક્ષ, ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ વાઈસ ચીફ વાઈસ એડમિરલ એસ.એન. ઘોરમાડે, ડીજીપી વિકાસ સહાય (આઈપીએસ)નો આ નવીન ફિટનેસ અને રમતગમતની પહેલને સમર્પિત સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો, જે સર્વગ્રાહી વિકાસ તરીકે ગુજરાત પોલીસની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

## શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩૦



શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એપ્રિલ-૨૦૨૩માં લેવાયેલ ગુજરાત યુનિવર્સિટી, એમ.એ. સેમ-૨ ની પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં કુ. માનસીબા જયવંતસિંહ સરવૈયાએ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક સાથે ગોલ્ડ મેડલ મેળવેલ છે. તે ઉપરાંત હોમ સાયન્સ વિષયમાં કુ. મૈત્રી અશોકકુમાર છાયા ૨૬મો રેન્ક, પારૂલ પ્રણવભાઈ વ્યાસ ૪૩મો રેન્ક, ભાવના અશ્વિનભાઈ વસાવા ૪૭મો રેન્ક, સબા પરવીન ઝાકીરહુસેન શેખ ૪૮મો રેન્ક, વૈશાલી શંભુભાઈ ઠાકોર ૫૦મો રેન્ક મેળવી કોલેજને ગૌરવ અપાવેલ છે. આ તમામ વિદ્યાર્થિનીઓને શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ વી. ચૌધરી તથા મંડળના તમામ હોદ્દેદારો અને સભ્યો, કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી તથા કોલેજનો સમગ્ર સ્ટાફ પરિવાર કોલેજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવે છે.

## બુદ્ધિમાન સાધુ

એક રાજમહેલના દ્વાર ઉપર એક સાધુ આવે છે અને દ્વારપાળને કહે છે કે રાજ્ય દરબારમાં જઈને રાજાને કહો કે તેમના ભાઇ તેમને મળવા માટે આવ્યા છે.દ્વારપાળે વિચાર્યુ કે રાજાના કોઈ દૂરના સબંધના કોઈ ભાઇ હશે જે સંન્યાસ લઈને સાધુ જીવન જીવતા હશે..! સાધુના આગમનની સૂચના મળતાં રાજા હસે છે અને સાધુને માન સહિત અંદર લઇ આવવા કહે છે અને સાધુને પોતાની પાસે બેસાડે છે.

સાધુ કહે છે કે બોલો અનૂજ ! કેવા હાલ-ચાલ છે તમારા?

ત્યારે રાજા કહે છે કે હું તો મઝામાં છું, આપ કેમ છો ભાઈ?

સાધુ કહે છે કે જે મહેલમાં હું રહેતો હતો તે જુનો અને જર્જરીત થઇ ગયો છે.ગમે ત્યારે તૂટીને પડી જાય તેમ છે.મારા બત્રીસ નોકરો હતા તે પણ એક-એક કરીને ચાલ્યા ગયા છે.મારી પાંચ રાણીઓ પણ વૃદ્ધ થઇ ગઇ છે જેથી તેમની પાસેથી કોઇ કામ લઇ શકાય તેમ નથી.આ સાંભળીને રાજાએ સાધુને દશ સોનાના સિક્કા આપવાનો આદેશ કરે છે.સાધુએ આ દશ સિક્કાની સેવા ઓછી પડે છે તેમ કહ્યું ત્યારે રાજા કહે છે કે આ વર્ષે દુકાળ પડ્યો છે એટલે આપ આટલાથી સંતોષ કરી લો.

સાધુએ કહ્યું કે મારી સાથે સાત સમંદર પાર ચાલો ત્યાં સોનાની ખાણો છે.મારો પગ પડતાં જ સમુદ્ર સુકાઇ જશે.મારા પગની શક્તિ તો આપ જોઇ ચુક્યા છો ! પુનઃ રાજાએ સાધુને સો સોનાના સિક્કા આપવાનો આદેશ કર્યો.સાધુના ગયા પછી મંત્રીઓને નવાઇ લાગે છે તેથી રાજાને પુછે છે કે રાજાજી માફ કરજો ! પરંતુ અમારી જાણકારી મુજબ આપનો કોઇ મોટો ભાઇ નથી તો પછી આ ઠગને આટલું બધું ઇનામ કેમ આપ્યું?

રાજાએ સમજાવ્યું કે જુવો ! ભાગ્યના બે પ્રકાર હોય છે:રાજા અને રંક. આ સબંધે તેમને મને ભાઇ કહ્યો હતો. જે જુના અને જર્જરીત મહેલની વાત તેમને કરી હતી તે તેમના વૃદ્ધ શરીરની વાત કરતા હતા. બત્રીસ નોકર તેમના દાંત હતા અને પાંચ વૃદ્ધ રાણીઓ તેમની પાંચ ઈન્દ્રિયો છે.સમુદ્રના બહાને સાધુએ મને ઠપકો આપ્યો હતો કે રાજમહેલમાં તેમના પગલાં પડતાં જ મારો રાજકોષ સૂકાઇ ગયો કારણ કે મારી હેસિયત સાધુને સો કરતા વધુ સોનાના સિક્કા આપવાની હોવા છતાં મેં તેમને ફક્ત દશ સોનાના સિક્કા જ આપ્યા હતા એટલે સાધુની બુદ્ધિમત્તાથી પ્રસન્ન થઇને મેં તેમને સો સિક્કા આપ્યા અને કાલથી હું તેમને મારા સલાહકાર નિયુક્ત કરીશ.

આ બોધકથામાંથી આપણે એ બોધ લેવાનો છે કે કોઈપણ વ્યક્તિના બાહ્ય રંગ-રૂપથી તેમની બુદ્ધિમત્તાનો અંદાજ લગાવી શકાતો નથી.કોઇએ ખરાબ કપડા પહેર્યા હોય કે તેમનો દેખાવ સારો ના હોય તેનાથી તેમના વિશે ખરાબ વિચાર ના કરવો જોઇએ.

જો આપણે ભોગોનો ત્યાગ ના કરી શકીએ તો વાંધો નથી તેને દુઃખરૂપ સમજીને તેની નિંદા કરતાં કરતાં તેને ભોગવીએ.ભોગોને ભોગવતી વખતે તેને સારા ના સમજીએ.તેને ના-પસંદ કરીશું તો તેનાથી છુટકારો મળી શકશે.ભોગોના પરવશ બનીને તેનાથી દબાઈ ના જવું. ફક્ત એટલું યાદ રાખો કે અમે રહેવાવાળા છીએ અને તે અવવા-જવાવાળા છે.આપ આ મુજબ કરી જુવો.શું આ સાધન કઠીન છે?

ભગવાન શ્રીમદ ભગવદ ગીતા(૨/૧૬)માં કહે છે કે અસતની સત્તા વિદ્યમાન નથી અને સતનો અભાવ વિદ્યમાન નથી.તત્વજ્ઞાની પુરૂષોએ આ રીતે બંન્નેયના તત્વનો અનુભવ કર્યો છે. શરીર જન્મ પહેલાં પણ નહોતું મૃત્યુ પછી પણ નહી રહે અને વર્તમાનમાં પણ એનો ક્ષણ-પ્રતિક્ષણ અભાવ થઇ રહ્યો છે.સંસાર માત્ર કાળરૂપી અગ્નિમાં લાકડાની માફક સળગી રહ્યો છે.

જે સત વસ્તુ છે તેનો અભાવ હોતો નથી એટલે કે જ્યારે દેહનો જન્મ થયો ન હતો ત્યારે પણ દેહી (આત્મા) હતો.દેહ નષ્ટ થયા પછી પણ દેહી રહેશે અને વર્તમાનમાં દેહના પરીવર્તનશીલ હોવાછતાં દેહી તેમાં જેમ છે તેમ જ રહે છે.એવી જ રીતે જ્યારે સંસાર ઉત્પન્ન નહોતો થયો તે સમયે પણ પરમાત્માતત્વ હતું. સંસારનો અભાવ થવા છતાં પણ પરમાત્માતત્વ રહેશે અને વર્તમાનમાં સંસાર પરીવર્તનશીલ હોવા છતાં પણ પરમાત્માતત્વ તેમાં જેવું છે તેવું જ રહે છે.સંસાર (શરીર ઈન્દ્રિયો મન બુદ્ધિ)ની સહાયતા વિના ચેતન સ્વરૂપ કંઇ કરી શકતું નથી.આનાથી સિદ્ધ થાય છે કે ક્રિયા માત્ર સ્વરૂપમાં નહી પરંતુ સંસારમાં જ છે..સ્વરૂપનો ક્રિયા સાથે કોઇ સબંધ નથી.

-વિનોદભાઇ માછી નિરંકારી

## ભારતીય શિક્ષણ મંડળના ગુજરાત પ્રાંતની કાર્યશાળા સંપન્ન

### એક દિવસીય કાર્યશાળામાં નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી

ગાંધીનગર, તા.૩૦

ભારતીય શિક્ષણ મંડળ (ગુજરાત પ્રાંત) તેમજ નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનીવર્સીટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટી, એમ.એસ. યુનીવર્સીટી ઓફ બરોડાના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય કાર્યશાળા તેમજ પ્રાંત કાર્યકારિણીની ઘોષણા તેમજ બેઠકનું સફળ આયોજન થયું. આ આ આયોજન નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનીવર્સીટી, ગાંધીનગર મુકામે કરવામાં આવ્યું હતું. અંદાજે ૨૫૦ થી વધુ શિક્ષણવિદો તેમજ વિવિધ યુનીવર્સીટીઓના કુલપતિઓની ઉપસ્થિતિમાં ''ભારતીય શિક્ષામાં ભારતીયતા'' વિષયને કેન્દ્રમાં રાખી અસરકારક ચર્ચા-ચિંતનને વિવિધ સત્ર દ્વારા સૌ સમક્ષ મૂકી સંલગ્ન બાબતોને સમજવા અને અમલમાં મુકવા આવશ્યક સૂચનો કર્યા હતા.

શિક્ષણ મંડળના અખિલ ભારતીય ગુરુકુળ પ્રકલ્પના પ્રમુખ તેમજ પશ્ચિમ ક્ષેત્રના પાલક અધિકારી આચાર્ય ડૉ. દીપક કોઈરાલાએ કાર્યકર્તાના વ્યવહાર બાબતે સમજણ આપી જયારે મંડળના મહિલા પ્રકલ્પના અખિલ ભારતીય પ્રમુખ અને બાબાસાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટીના કુલપતિ પ્રો. અમીબેન ઉપાધ્યાયે શિક્ષણમાં ભારતીયતા વિષયને કેન્દ્રમાં રાખીને મનુષ્યના સ્વથી સમાજ સુધીના યોગદાન વિષે વાત કરી.



સેન્ટ્રલ યુનીવર્સીટી ઓફ પંજાબનાં કુલપતિ, પ્રો. રાઘવેન્દ્ર તિવારી, એમ.એસ. યુનીવર્સીટીના કુલપતિ, પ્રો. વિજય કુમાર શ્રીવાસ્તવ, ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટીનાં કુલપતિ, ડૉ. રાજુલ ગજ્જર, ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ, પ્રો. નીરજા ગુપ્તા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટીના કુલપતિ, પ્રો. કિશોરસિંહ ચાવડા તેમજ બિરસા મુંડા ટ્રાઈબલ યુનીવર્સીટીના કુલપતિ, પ્રો. મધુકરભાઈ પડવી વગેરેએ શિક્ષણ પરના પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. અંતિમ સત્રમાં ભારતીય શિક્ષણ મંડળના ગુજરાત પ્રાંતની કાર્યકારિણીની ઘોષણા કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. દીપક કોઈરાલાએ આગામી નિયોજન તેમજ સંગઠન કાર્યકારણીની જાહેરાત કરતા પ્રાંત અધ્યક્ષ તેમજ પ્રાંત મંત્રીની ઘોષણા કરી ત્યારબાદ પ્રાંત અધ્યક્ષ તરીકે, પ્રો. વિજય કુમાર શ્રીવાસ્તવ દ્વારા સંગઠનના અન્ય આયામો, પ્રકલ્પો, તેમજ વિભાગના પ્રમુખ તેમજ સહપ્રમુખ હોદ્દેદારોના નામોની ઘોષણા કરાઈ હતી. ભારતીય શિક્ષણ મંડળના ગુજરાત પ્રાંતની જાહેર થયેલ કાર્યકારિણીને પ્રેરિત કરવા તેમજ કાર્ય માર્ગદર્શન હેતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ડૉ. સુનીલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય શિક્ષણ મંડળના સૌરાષ્ટ્ર પ્રાંતના મંત્રી અને પ્રચાર પ્રમુખે આ પ્રસંગે હાજરી આપી હતી. કુલ ૨૦ જીલ્લાઓમાંથી વિવિધ વિદ્યાશાખાઓનું પ્રતિનિધિત્વ કરતા શિક્ષણવિદો અને વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલા તજજ્ઞો માળીને લગભગ ૨૫૦ જેટલા લોકો આ કાર્યશાળાથી લાભાન્વિત થયા હતાં.

## દહેગામના ગોપાલનાથજીના મંદિર ખાતે ભવ્ય લોકડાયરો યોજાયો





ગાંધીનગર, તા. ૩૦

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી પ્રેરીત જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર સંચાલિત તથા રાજેન્દ્રકુમાર શ્રીમાળીના સહ્યોગથી આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગત તા. ૨૬-૦૮-૨૦૨૩, શનિવારના રોજ રાત્રે ગોપાલજી મંદિર, જુના ટાવર બજાર, દહેગામ ખાતે લોક ડાયરાના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાયરામાં ઉપસ્થિત મહેમાનોમાં શેઠ સી. એન, કોલેઝ ઓફ ફાઈન આર્ટસ, અમદાવાદના પ્રોફેસર રાજેશભાઈ બી બારૈયા, એપિએમસીના ચેરમેન સુમેરૂભાઈ અમીન, દહેગામ શહેર ભાજપ પ્રમુખ યોગેશભાઈ શર્મા અને દહેગામના પૂર્વ નગરપાલિકા પ્રમુખ પ્રભુદાનભાઈ ગઢવી ઉપસ્થિત રહ્યાં હતા. આ ડાયરાના કલાકારોમાં સાહિત્યકાર નરહરદાન ગઢવીએ સ્ટેજ સંચાલન કર્યું તેમજ રાજુભાઈ શ્રીમાળી લોક ગાયક (રાજતરંગ), નાગરભાઈ પ્રજાપતિ (આકાશવાણી રેડીયો કલાકાર) સુલોચનાબેન વ્યાસ (ઉત્તર ગુજરાતની કોયલ), બાબુજી ચતુરજી ઠાકોર (લોક ગાયક), રજનીકંત સુથાર (બેન્જો માસ્ટર), કશ્યપ શ્રીમાળી (તબલા માસ્ટર) રમેશ રમકડું (મંજીરાનો માણીગર) વગેરેએ પર્ફોર્મન્સ આપ્યું હતું.

## જુસિકા દ્વારા કલોલના દિવંગતનું ચક્ષુદાન મેળવાયું

ગાંધીનગર તા.૩૦

આજે ગાંધીનગર જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા કલોલથી ચક્ષુદાન મેળવાયું હતું જેને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં સુરક્ષિત રીતે પંહોચાડવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લાના કલોલના જનતાનગર સોસાયટી ખાતે રહેતા ૮૧ વર્ષીય દિલીપભાઈ બાબુભાઈ પંડિતનું તા.૨૯ ઓગસ્ટના રોજ અવસાન થવા પામ્યું હતું. સ્વર્ગસ્થના કુટુંબીજન યોગેશ પંડિતની સંમતિથી જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ચક્ષુદાન મેળવવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સ્વર્ગસ્થના ચક્ષુ એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડો.વિશાલ અને ડો. સુરતી તેમજ જુસિકાના કાર્યકર સંજય વાઘેલા દ્વારા પુરી પાડવામાં આવી હતી. એકત્ર કરાયેલાં ચક્ષુઓને જુસિકાના કાર્યકર ગુલામ હુસેન દ્વારા અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં સુરક્ષિત રીતે પંહોચાડવાનું ભગીરથ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

## ગ-૪ના ઓવરબ્રિજ ઉપર ખાડામાં ફસાઈ ગયેલી ગાયનું કરુણ મોત

### સેક્ટર-૧૬ના ખૂણા પાસે બેદરકારીપૂર્વક ખુલ્લો છોડી દેવાયેલા ખાડાએ ગાયનો ભોગ લેતા અરેરાટી : ખાડો ખુલ્લો છોડી દેવા બાબતે ગૌપ્રેમીઓમાં રોષ




ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના "ગ" માર્ગ પર ગ-૪ના ઓવરબ્રિજના ઉપરના ભાગે સેક્ટર-૧૬ના ખૂણા પાસે એક બેદરકારીપૂર્વક ખુલ્લાં છોડી દેવાયેલા ખાડામાં ખાડામાં ગઈ કાલે રાતે પડીને ફસાઈ ગયેલી ગાય મોતને ભેટી હતી. એક જાગૃત રાહદારીની નજર પડતા તેણે આસપાસમાં અન્ય લોકોને પણ જાણ કરતા એકઠા થયેલા લોકોએ ફાયર બ્રિગેડની બોલાવી હતી જેની ટીમે ગાયના માલિકને શોધી ગાયના મૃત શરીરને બહાર કાઢીને તેને ધરતીમાતાના ખોળામાં સમાધિ અપાઈ હતી.

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજના સામેના ભાગે ગ-૪ પરના ઓવરબ્રિજના સેક્ટર-૧૬ના સ્વર્ણિમ પાર્ક તરફના ખૂણે કોઈ વિકાસ કાર્ય માટે ખોદવામાં આવેલા ખાડાને બેદરકારીપૂર્વક જેમનો તેમ રહેવા દેવાયો હતો જેમાં ગઈકાલે રાત્રે અમરતભાઈ જૈશંગભાઈ રબારીની સાંકડા ખાડામાં પડીને ગરદનથી વળેલી હાલતમાં ફસાઈ ગઇ હતી અને મરી જવા પામી હતી. આજે બપોરે આ ખાડા આસપાસ કુતરા ફરતા જોઈને કુતુહલ વશ જોવા ગયેલા એક રાહદારીની નજર મૃત ગાય પર પડતા તેણે આસપાસમાં અન્ય લોકોને પણ જાણ કરતા એકઠા થયેલા લોકોએ ફાયર બ્રિગેડની બોલાવી હતી. આ પછી નજીકમાં યુથ હોસ્ટેલની બાજુમાં રહેતા પશુપાલકો પૈકી તપાસ કરીને ગાયના માલિક અમરતભાઈ જૈશંગભાઈ રબારીને બોલાવતા તેમને ગાયને ઓળખી લીધી હતી અને જણાવ્યું હતું કે તે ગઈકાલે રાતથી ખોવાઈ ગઈ હતી. આ પછી જેસીબી મંગાવી ફાયર બ્રિગેડની ટીમ સાથે મળીને ગાયના મૃત શરીરને બહાર કાઢી નજીકના જંગલ વિસ્તારમાં ખાડો કરીને ધરતીમાતાના ખોળામાં સમાધિ અપાઈ હતી. જોકે ઘટના સ્થળે બેદરકારીપૂર્વક છોડીને દેવાયેલો ખાડો આ ગાયના મોતનું કારણ બન્યો હતો જે ખાડામાંથી ઈલેક્ટ્રિકના વાયર પણ પસાર કરાયેલા હતા જે અડધા બહાર અને અડધા અંદર છે, આવા જોખમી ખાડા રહેવા દેવાથી મૂંગા પશુઓ ઉપરાંત કોઈ નાગરિકનો પણ જીવ જોખમઈ શકે છે તેથી બેદરકારીપૂર્વક ખાડો રહેવા દેનાર જવાબદાર તંત્ર સામે પગલા ભરવા જોઈએ તેવી એકઠા થયેલા લોકોમાં અને ગૌપ્રેમીઓમાં રોષ લાગણી પ્રવર્તવા પામી હતી.

## વાત્રકકાંઠા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટનું સેવા કાર્ય

ગાંધીનગર, તા. ૩૦

શ્રી વાત્રકકાંઠા રાજપુત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસના દર સોમવારે ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં તથા વાત્રક નદીમાં આવેલ દેવ ડુંગરી પાસે શ્રદ્ધાળુઓ માટે નિઃશુલ્ક મિનરલ પાણીની ખુબ સરસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી વાત્રકકાંઠા તેમજ છેવાડાના વિસ્તારથી આવતી ધર્મપ્રેમી જનતા




આ સેવાનો લાભ લઈ રહી છે. લોક કલ્યાણના આ કાર્ય માં રાજપૂત સમાજના દાતાઓ અને સેવાભાવી ભાઈઓ સાથે મળીને સેવાનું સરસ આયોજન કર્યું છે. આ શ્રાવણ મહિનામાં પવિત્ર યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે ભાવિક ભક્તો માટે પાર્કિંગ થી લઈને પાણી સુરક્ષા અને મહાદેવના દર્શનની વ્યવસ્થા હોવાથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવી રહ્યા છે.